અપીલ અરજી નં.૩૪૬ તા.૪–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા
સામાવાળાઃ– ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૨૮/૧૨/૧૦ અરજીથી સુરતમહાનગરપાલિકામાં વિકલાંગો માટેનો ભરતી કોટા ભરવા માટે સુ.મ.ન.પા.ના લાગત વિભાગને ગુજરાત સરકાર કે સ્પે.વિકલાંગ કમિ.શ્રી ધ્વારા પ્રતિવર્ષ કોઈ સુચના ઓ કે માર્ગદર્શન આપવામાં આવે છે ખરી ? છેલ્લા પાંચ વર્ષમાં આવી સુચના કયારેય અપાઈ છે ખરી ? વિગેરેની માહિતી મેળવવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની તા.૪/૨/૧૧ ની અપીલ અરજી નં. SMC/FAP/ ૩૪૬/૨૦૧૦ – ૧૧

શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૨૮/૧૨/૧૦ અરજીથી સુરતમહાનગરપાલિકામાં વિકલાંગો માટેનો ભરતી કોટા ભરવા માટે સુ.મ.ન.પા.ના લાગત વિભાગને ગુજરાત સરકાર કે સ્પે.વિકલાંગ કમિ.શ્રી ધ્વારા પ્રતિવર્ષ કોઈ સુચના ઓ કે માર્ગદર્શન આપવામાં આવે છે ખરી ? છેલ્લા પાંચ વર્ષમાં આવી સુચના કયારેય અપાઈ છે ખરી ? વિગેરેની માહિતી મેળવવા બાબતે માહિતી અસ્પષ્ટ આપેલ છે એવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪/૨/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુંસંધાને મુળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા હોય તો તથા અપીલના મુદ્દાઓ અંગે તેમનો પક્ષ રજુ કરવા તેમજ છેલ્લા પાંચ વર્ષમાં વિકલાંગ ભરતીની કોઈ સૂચના /ઠરાવ હોય તો તેની નકલ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦૦ તા.૧૭–૨–૧૧ થી ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૪૦૨૧ તા.૨૪–૨–૧૧ થી પૂરક વિગતોમાં અત્રેના વિભાગને નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી મેળવવા પાઠવેલ પત્ર નં. નં.જીએડી/ઈએસટી/૩૫૬૫ તા.૧૫–૧–૧૧ ના પત્રની નકલ, તથા અરજદારને આપેલી માહિતી અંગે નં.જીએડી/ ઈએસટી/ ૩૬૭૦ તા.૨૯–૧–૧૧ ના પત્રની નકલ, ગુજરાત સરકાર સા. વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક પવસ/૧૬૯૬/ ૮૭૮–ગ–૪ સચિવાલય ગાંધીનગર તા.૫–૯–૨૦૦૦ ની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૮–૧૨–૧૦ ની અરજીથી સુરતમહાનગરપાલિકામાં વિકલાંગો માટેનો ભરતી કોટા ભરવા માટે સુ.મ.ન.પા.ના લાગત વિભાગને ગુજરાત સરકાર કે સ્પે.વિકલાંગ કમિ.શ્રી ધ્વારા પ્રતિવર્ષ કોઈ સુચના ઓ કે માર્ગદર્શન આપવામાં આવે છે ખરી ? છેલ્લા પાંચ વર્ષમાં આવી સુચના કયારેય અપાઈ છે ખરી ? વિગેરેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધતી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૬૧૩ તા.૨૮–૧૨–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૩૫૬૫ તા.૧૫–૧–૧૧ થી માહિતી પેટે રૂ.૨/– ભરપાઈ કરવા જણાવેલ. જે અરજદાર તરફથી રસીદ નં.૧૭૩૭૪૫ તા.૨૪–૧–૧૧ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૩૬૭૦ તા.૨૯–૧–૧૧ થી અરજદારને ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક પવસ/૧૬૯૬/૮૭૮–ગ–૪ સચિવાલય ગાંધીનગર તા.૫–૯–૨૦૦૦ ની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૪–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે છેલ્લા પાંચ વર્ષ એટલે કે ૨૦૦૫ પછી સરકારી સૂચનાઓની ખાસ સૂચનાઓ કે માર્ગદર્શનની વિગતો માંગી છે જેમાં વિકલાંગ કમિ.શ્રી અને ગુજરાત સરકારનો પણ ઉલ્લેખ સ્પષ્ટ કરેલ છે. જેથી ૧૦ વર્ષ જુની માહિતી પૂરી પાડેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં ખાસ વિકલાંગો માટે સરકારીશ્રીએ શું સૂચનાઓ વિકલાંગોની ભરતી બાબતે આપી કે નથી આપી? વિકલાંગોની ભરતી માટે કોઈ માર્ગદર્શક પત્રો પાઠવેલ છે કે કેમ? તેની કોઈ સ્પષ્ટતા થતી નથી. અને તે સૂચના કે માર્ગદર્શન અત્રે ઉપલબ્ધ છે કે નહીં તે સ્પષ્ટ થતું નથી. તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને સને ૨૦૦૦ અંગે રાજય સરકારના ઠરાવની નકલ પૂરી પાડેલ છે. પરંતુ વિકલાંગ કમિ. તરફથી તે અંગેના હુકમ અને આદેશોની માહિતી જણાવેલ નથી. આમ જાહેર માહિતી અધિકારીએ રાજય સરકાર અને સ્પે. વિકાલાંગ કમિ. તરફથી તે બાબતે કોઈ સુધારા વધારા સાથે હુકમો કે આદેશો થયેલા હોય તો તેની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૧૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતે નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા,